ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

કોરોનાની અસર હજુ જનજીવન પર જોવા મળે છે. લોકો હજુ હરવા ફરવાના સુપ્રસિધ્ધ સ્થળોએ ભીડ ભેગી થતી હોય ત્યાં જવાનું ટાળી રહ્યા છે. આવા સમયે ખુલ્લા મેદાનોમાં બનાવેલા વિશાળ બગીચાઓ એક દિવસીય પીકનીક કે આઉટીંગ માટે શ્રેષ્ઠ પુરવાર થઈ રહ્યા છે ઘ-૪ સર્કલનો વિશાળ બગીચો રવિવારની રજામાં વસાહતીઓથી ઉભરાઈ રહ્યો છે. શિયાળો હોવાથી બગીચાઓમાં દિવસે પણ ભીડ જોવા મળે છે.

ભાઈજીપુરા પાટીયા પાસે ડસ્ટર કાર-બાઈક વચ્ચે અકસ્માત

ફર્નીચરના કારીગર રાયસણ કામ કરીને રાત્રે ઘરે જતા હતા : એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે યુવકો નીચે પટકાતા તેઓને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જેમાં એક યુવકનું ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે બાઈક ચાલકે ફરીયાદ નોંધાવતા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ બિહારના ચમનિયા ગામના રાજેશ રામસાગર ઠાકુર અને શિવશંકર ઠાકુર અમદાવાદ ચાંદલોડીયા રહે છે અને ફર્નિચરનું કામ કરે છે. બંને યુવકો શનિવારના રોજ શેઠનું બાઈક લઈને ગાંધીનગર રાયસણ ખાતે ફર્નિચરના કામ માટે આવ્યા હતા. ત્યારબાદ રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે બંન્ને બાઈક અમદાવાદ જવા માટે નીકળ્યા હતા.ત્યારે રાજેશ બાઈક ચલાવતો હતો અને શિવશંકર પાછળ બેઠો હતો. રાયસણ થી ભાઈજીપુરા પાટીયા પાસે આવતા જ અચાનક ડસ્ટર ગાડીના ચાલકે બાઈકને ટકકર મારી હતી. જેથી બંન્ને યુવકો નીચે માર્ગ પર પટકાતા માથાના ભાગે, શરીરે તેમજ પગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બંને ઈજાગ્રસ્ત યુવકોને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયારે તેમાંથી શિવશંકરને માથાના ભાગે ગંભીર ઈજાને પગલે વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. માથામાં ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન શિવશંકરનું મૃત્યું નિપજયુ હતું. રાજેશ ઠાકુરની ફરીયાદને પગલે કાર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસે કાર નં.જી.જે.૧૮.બી.સી.-૨૬૧૯ ના ચાલક સરગાસણ વિસ્તારમાં રહેતા સુનિલ વ્યાસને પકડી પાડયો હતો. પોલીસે કાર ચાલકને પકડી પાડી કોરોના ટેસ્ટ સહિતની કામગીરી કરીને આગળની તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી બેંકના ફાઉન્ડેશન દિવસની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. આ અવસરે બેંકના મેનેજરે શ્રેષ્ઠ ગ્રાહકની પસંદગી કરી તેમનું બહુમાન કર્યું હતું.

મંગળવારે કડવા પાટીદાર સમાજના ઘરે ઘરે દિવડા પ્રગટાવાશે

ગાંધીનગર, તા.૨૦

કડવા પાટીદારની કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થા ઊંઝા દ્વારા 'લક્ષચંડી મહાયજ્ઞ' મહોત્સવ ગયા વર્ષે ભાવસપર સંપન્ન થયો હતો. આ મહાઉત્સવના આસ્થાના સંભારણારૂપે નીજ મંદિર ઉંઝા દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૦ને મંગળવારના રોજ ઉજવણી થનાર છે. આ વર્ષે કોવિડ-૧૯ની સ્થિતિને ધ્યાને લઈ ગાંધીનગર ઉમિયા માતાજી સંસ્થાન પરિવાર સહિત ગાંધીનગર જિલ્લાના તમામ પરિવારોને ઘરે ઘરે દિવડા પ્રગટાવી, આસોપાલવના તોરણ બાંધી, લાઈટ સુશોભન સાથે ઘરમંદિરે આરતી ઉતારી, લાપસીનો પ્રસાદ ધરાવી સહપરિવાર મા ઉમિયાજીની શ્રધ્ધાપૂર્વક પૂજન આરાધના ઘરે રહીને કરવા મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

કેનેડા મોકલી આપવાનું કહીને યુવક સાથે ૬ લાખની છેતરપિંડી

માણસાના અર્જુનપુરા ગામના યુવક સાથે છેતરપિંડી થઈ : ઠગ પાંચ વ્યકતિને લઈને અરમેનિયા લઈ ગયો હતો

ગાંધીનગર, તા.૨૦

કેનેડાની કંપનીમાં ત્રણ વર્ષ નોકરી બાદ વર્ક પરમીટ અને કાયમી વિઝા કરાવી આપવાનું કહીને માણસાના અર્જુનપુરા ગામના યુવક સાથે રૂ.૬ લાખની છેતરપિંડી થઈ છે. ઠગ ટોળકીનો સભ્ય પાંચ વ્યકતિને લઈને અરમેનિયા લઈ ગયો હતો. ત્યાં થોડા દિવસ રોકાણ બાદ વિઝા કેન્સલ થયા તેમ કહીને ઠગ દિલ્હી યુવકોને લાવી અમદાવાદની ટીકીટ કરાવી આવુ છુ તેમ કહી ભાગી ગયો હતો. કેનેડા માટે યુવકના પરિવારે રૂ.૨૯ લાખ ચુકવ્યા હતા. જેમાંથી ૨૩ લાખ પરત મળી ગયા છે. જયારે રૂ.૬ લાખ પરત ન મળતા યુવકે ઈન્ફોસીટી આવેલી આર. કે. ઈન્ટરનેશનલ સર્વિસીસ ચલાવતા સ્વપ્નીલ રામી અને નિસર્ગ રામી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિરલ રમણલાલ પટેલના જણાવ્યા મુજબ કેનેડા ખાતે રહેતા ગામના નાગરીકે આપેલા રેફરન્સને અનુલક્ષી ઈન્ફોસીટી સ્થિત આર.કે.ઈન્ટરનોશનાલ સર્વિસીસની ઓફિસ ખાતે ગયો હતો. જયાં સ્વપ્નીલ રામી અને નિસર્ગ રામીને ઓફિસ ખાતે મળ્યો હતો. તેઓએ કેનેડાની એક કંપનીમાં વર્ક પરમીટ અને ત્રણ વર્ષ બાદ પીઆર અંગે પણ બાંહેધરી આપી હતી. આ કામ ને લઈ રૂ.૩૦ લાખ નક્કી થયા હતા. આરોપીઓએ પહેલા અરમેનીયા દેશ સુધી લઈ જઈશુ અને ત્યાં પહોંચીને કેનેડા પહોંચાડી દઈશું. યુવકે ઘરે જઈને માતા-પિતાને જાણ કરતા તેઓ પણ પુત્રને કેનેડા મોકલવા માટે તૈયાર થઈ ગયા હતા. બંને આરોપીઓએ યુવકનો પાસપોર્ટ અને જરુરી કાગળો મંગાવ્યા હતા અને પાંચ દિવસમાં તૈયાર રહેવા માટે કહ્યું હતું. જયારે યુએસ ડોલરની જરુર પડશે તેમ કહીને પહેલા આરોપીઓએ રૂ.૧ લાખ મંગાવ્યા હતા. તા.૧૭-૧૧-૧૯ ના રોજ સ્વપ્નીલ રામી યુવકને લઈને અમદાવાદ એરપોર્ટથી અરમેનીયા દેશ લઈ ગયો હતો. યુવકના કહેવા પ્રમાણે તેની સાથે અન્ય ચાર યુવકો પણ કેનેડા માટે આવ્યા હતા. અરમેનીયામાં ત્રણ થી ચાર દિવસ પાંચ યુવકોને આમથી તેમ રાખ્યા હતા. ત્યારબાદ યુવકોને જે સ્થળ પર રાખ્યા હતા ત્યાં પહોંચીને સ્વપ્નીલ રામીએ બધાને વીઝા મળી ગયા હોવાથી રૂપીયા ચુકવવા માટે જાણ કરી હતી. જેથી યુવકના માતા-પિતાએ બીજા રૂ.૨૯ લાખ ચુકવી દીધા હતા. ૧૦ દિવસ પછી સ્વપ્નીલ રામી બધાના વીઝા કેન્સલ થયા હોવાનું કહીને પાછા દિલ્હી લાવ્યો હતો. ત્યાંથી અમદાવાદની ટીકીટ બુક કરાવી સ્વપ્નીલ થોડીવારમાં આવું છુ કહીને નીકળી ગયો હતો. દિલ્હીથી ફરીયાદીએ મામાના દિકરાને બનાવ અંગે જાણ કરી હતી. જેને પગલે એરપોર્ટ માતા-પિતા એરપોર્ટ પર લેવા માટે આવ્યા હતા અને સૌની સાથે ફરીયાદી યુવક ઘરે ગયો હતો. ત્યારબાદ યુવકે બનાવની જાણ માતા-પિતાને કરતા તેમણે કહ્યું કે તે ફોન કરતા અમે બાકીના રૂ.૨૯ લાખ ચુકવી દીધા હતા. જેથી યુવકે ચુકવી દીધેલા રૂપીલા લેવા માટે ફોન કરતા તેઓ ઉપાડતા ન હતા. જયારે ઈન્ફોસીટીની ઓફિસ પણ બંધ હતી. ત્યારબાદ સ્વપ્નીલના મામાનો સંપર્ક કરતા ફરીયાદી યુવકને ટુકડે ટુકડે રૂ.૨૩ લાખ પરત મળી ગયા હતા. આ રૂપીયાનું સોગંદનામુ પણ કરાવ્યું હતું. જયારે બાકીના રૂ.૬ લાખ પરત ન મળતા આખરે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસટી ડેપોના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ ગામમાં રહેતા ૪૨ વર્ષિય નાનકસિંગ ધર્મસિંગ સરદારજી અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગેટ નં.૫ ખાતે બેસીને નંબરના ચશ્માનું વેચાણ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તે પુન્દ્રાસણથી ગાંધીનગર બાઈક લઈને આવે છે અને બાઈક પાર્કીંગમાં મુકીને અમદાવાદ જાય છે. ત્યારે ગત તા.૧૧ ના રોજ નાનકસિંગ હીરો હોન્ડાનું પેશન પ્રો બાઈક નં.જી.જે.૦૧.એફ.એકસ-૨૭૫૧ લઈને ગાંધીનગર ડેપો આવ્યા હતા. ડેપો ખાતે પાણીની પરબની બાજુમાં પાર્કિંગમાં બાઈક પાર્ક કરીને અમદાવાદ સિવિલ જવા રવાના થયા હતા.

જયારે ચશ્મા વેચીને સાંજે પરત ફરીને જોયું તો બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. બાઈક મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૫ હજારના બાઈક ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે વાહનચોર ટોળકી એસટી ડેપોના પાર્કીંગને હવે સોફ્ટ ટાર્ગેટ બનાવી રહી છે. ડેપોના પાર્કીંગમાંથી સરળતાથી બાઈક ચોરીને ઈસમો સિફતપૂર્વક જતા રહે છે.

બેટા, અણબોલ્યાં જીવોને પહેલાં ખવડાવવું, પછી જ આપણે ખાવું...!!

બાળપણમાં પિતાની છત્રછાયા ગુમાવી ૧૨ ભાઈ-બહેનના પરિવારમાં માતાના સંઘર્ષ અને સંસ્કાર સાથે ઉછરેલો રબારી યુવાન અસંખ્ય અબોલ જીવોનો અન્નદાતા બન્યો છે: પક્ષી હોય, ગૌવંશ હોય કે કપિ-શ્વાન તમામની સાથે લોકડાઉનમાં સેંકડો પરપ્રાંતિય શ્રમિકોનો પણ બેલી બની ચુકયો છે

ગાંધીનગર, તા.૨૦

'એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' આ ઉકિત વિશ્વની તમામ માતાઓને લગભગ સમાન સ્તરે લાગુ પડે છે. આપણી સંસ્કતિમાં ગુરૂને ગોવિંદ કરતા પણ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ જે બાળકોને શિક્ષક પાસે શિક્ષા ગ્રહણ કરવાની તક ના સાંપડી હોય કે શિક્ષણ મેળવવું શકય બન્યું ના હોય તેવા સંતાનોને માતાએ આપેલી શિખ જ જીવનપથ પર માર્ગદર્શક બનતી હોય છે. ગાંધીનગરના એક યુવાનને પોતાના બાળપણના સમયમાં જયારે અત્યંત નબળી આર્થિક સ્થિતિ પરિવારની હતી ત્યારે તેમની માતાએ આપેલા સંસ્કારની એવી શિક્ષા પ્રાપ્ત થઈ છે કે ભલે ચાર ચોપડી જેટલું ભણી ના શકયો પરંતુ આજે આર્થિક રીતે સધ્ધર થવા સાથે અસંખ્ય અબોલ જીવોનો અન્નદાતા બની રહ્યો છે, એટલું જ નહી પરંતુ કોઈ મુશ્કેલીમાં ફસાયેલા કે 'વખાના માર્યા' કહેવાય તેવા જરૂરિયાતમંદોને અણીના સમયે મદદરૂપ પણ બની રહ્યો છે.

વર્ષો પહેલાં ગાંધીનગરના સેકટર-૨૨માં પાટણ તાલુકાના ગોવના ગામનો રબારી પરિવાર છાપરું બાંધીને રહેતો હતો. આ પરિવારમાં ઘરના મોભી લલ્લુભાઈ દેસાઈ તો ૬ પુત્રો અને ૬ પુત્રીઓની જવાબદારી પત્નિ પૂંજીબેનના માથે મુકી સ્વર્ગે સિધાવી ગયા હતા પરંતુ પૂંજીબેને સેકટરના રહીશોને ત્યાં ઘરકામ કરવાથી માંડીને વિવિધ છુટક મજુરીઓ કરી 'પેટે પાટા બાંધીને' પણ સંતાનોને ઉછેરવાનું બીડું ઝડપી લીધું હતું. સંતાનોના ઉછેર સાથે તેઓ તેમનામાં અબોલ જીવો પ્રત્યે અનુકંપા અને બીજાને મદદરૂપ થવું તેવા ગુણો વિકસે તેવા સંસ્કારનું સિંચન કરતા હતા. વહેલી સવારે જયારે તેઓ દાતણ કરતાં ત્યારે જ

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

છાપરામાં જે અનાજ પડયું હોય તેમાંથી એક મુઠ્ઠી ભરીને પક્ષીઓને ચણ અચૂક નાંખતા પછી જ પોતાના મોંમા અન્નનો દાણો ગ્રહણ કરવો તે એમનો નિત્યક્રમ હતો. તેમના બારેય સંતાનો પર આ બાબતની સારી અસર પડતી હતી પરંતુ પાંચમા નંબરનો 'લાભુ' તો પોતાની બાના આ ગુણને જીવનભરની મૂડી બનાવવા આત્મસાત કરવા લાગ્યો હતો. આજે પણ તેને પોતાની પૂંજીબાના શબ્દો બરાબર યાદ છે કે 'અણબોલ્યાં જીવોને પહેલાં ખવડાવવાનું, પછી જ આપણે ખાવાનું'. જો કે લાભુને કયાં ખબર હતી કે તે કિશોરાવસ્થામાં પહોંચશે ત્યારે તેની પૂંજીબા બધા ભાઈ-બહેનને એકબીજાના સહારે છોડીને સ્વર્ગે સિધાવી જશે. પોતાના ભાઈ-બહેનોની જેમ 'લાભુ' પણ વધુ ભણી ના શકયો અને નાની ઉંમરે અર્થોપાર્જનના પ્રયાસમાં લાગી ગયો જે અંતર્ગત પુખ્ત થતાં જ

પોતાના ભાઈઓની જેમ ગાંધીનગરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ થઈને મેઘાણીનગર સુધી દોડતી જીપમાં ડ્રાઈવર બની ગયો હતો. પોતાની કુળદેવી ચેહરમાતા હંમેશા સાથે હોવાનો વિશ્વાસ ધરાવતા લાભુભાઈએ સળંગ ૧૨ વર્ષ સુધી જીપ ચલાવી ત્યાં સુધીમાં તો બધા ભાઈઓ પોતાની માલિકીની જીપ વસાવી ચુકયા હતા. આ પછી તેમણે શહેરમાં શરૂ થયેલી સીટીબસના પહેલા કોન્ટ્રાકટરની વિટકોસ બસના ડ્રાઈવર તરીકે પણ થોડો સમય કામ કર્યું અને તે સાથે સાથે જમીન-મિલકતની દલાલીના વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું. નોકરી છોડીને ઘ-૪ સર્કલ નજીક રણુંજાના રામદેવજી મહારાજ પ્રત્યેની શ્રધ્ધાને પગલે 'જય બાબારી' ના નામથી ચાની કિટલી પણ શરૂ કરી જે આજે શહેરના ચા રસિયાંઓની પસંદ બની ચુકી છે. આ સાથે વ્યવસાયમાં મળેલી સફળતાથી આજે તેમની આર્થિક સ્થતિ ખૂબ જ સારી કક્ષાએ પહોંચી ગઈ છે પરંતુ આજે પણ તેઓ નાનપણથી અત્યાર સુધી માતાએ આપેલા અબોલજીવોને ખવડાવવાના સંસ્કાર ભૂલ્યાં નથી.

લાભુભાઈની 'જય બાબારી' કિટલીની પાછળ ખુલ્લી જગ્યામાં દરરોજ સવારથી સાંજ સુધી જુદા જુદા સમયે જુદા જુદા પક્ષીઓનો જાણે કુંભ મેળો જામે છે. દર બે દિવસે ૬ કટ્ટા ભરીને ચણ આ પક્ષીઓને નીરવામાં આવે છે તે પણ લાભુભાઈ પોતાની જાતે જઈને ઉચ્ચ ગુણવત્તાવાળા બાજરી, મગ અને ચોખા પસંદ કરીને લાવે છે. આમ તો તેઓ સમજણાં થયા ત્યારથી શહેરના મુકિતધામ ખાતે દર મહીને ૩-૪ કટ્ટા ચણ દાન કરી આવતા હતા જ અને ત્યારથી દર માસની અજવાળી બીજે પોતાના સેકટર-૨૫ના નિવાસસ્થાનથી અંબાપુર રામાપીરના પરચાધામ સુધી ચાલતા જતાં કિડીયારાં પુરતા જતા હતા જે નિત્યક્રમ આજે પણ ચાલુ જ છે. કયાંય જો કોઈ ગાય કે કુતરું ઈજાગ્રસ્ત થયું હોવાના સમાચાર મળે તો તેની વ્હારે પહોંચી જાય અને ગાયને તો નંદાસણ પાસેના ખેરપુરની ગૌશાળામાં સારવાર માટે પોતાના ખર્ચે મુકી આવે. તેમનું ચણ ચણવા ચકલાં, કાગડા, કબૂતર, કાબર, પોપટ, કેન સહિત વિવિધ પક્ષીઓ આવે છે એવું નથી અસંખ્ય વાંદરાઓને જામફળ, ચીકુ અને કેળા પોતાના ખાટલે બેસી ખવડાવે છે અને કૂતરાંઓને તો સવારે દૂધ પીવડાવે અને રાત્રે કિટલીએ વધેલું બધું દૂધ પણ પીવડાવે. એક કપરાજનું નજીકમાં મૃત્યુ થતા તેની ઝાડ પાસે દફનવિધિ કરી ઝાડ પર હનુમાનજીની તસવીર લગાડી ત્યારથી વાંદરાઓ ત્યાં નિયમિત આવવા લાગ્યા છે. ત્રણ કે ચાર કબૂતર તો તેમના મૃત્યુ પહેલા લાભુભાઈને જાણે અલવિદા કહેવા જ આવ્યા હાય તેમ તેમના ખભે બેસીને છેલ્લું ચણ ચણ્યા હતા. આ તમામની પણ તેમણે દફનવિધી કરી હતી. તેઓ ગોગાબાપાના ભકત હોવાથી કયાંય પણ સાપ મર્યો હોય તો પૂંજીબાએ શિખવાડયા મુજબ શીતળાના લાકડામાં ગાયના ઘી સાથે પોલીપેસ્ટરના કપડામાં વીંટીને અગ્નિદાહ અચૂક આપે છે. વિટકોસની નોકરી દરમ્યાન તો એક આખલા સાથે એવી દોસ્તી બાંધી હતી કે જો કોઈ મસ્તીમાં પણ લાભુભાઈનો કોલર પકડે તો પેલો આખલો તેને ભેટું મારવા આવે. એ વખતે રૂ. ૧૦૦ના પગારમાં આખલાને ફળફળાદિ ખવડાવતા લાભુભાઈ આજે મહિને ૬૦ થી ૭૦ હજાર પક્ષીઓના ચણ પાછળ વાપરી નાંખે છે એટલું જ નહી પરંતુ લોકડાઉનમાં શહેરમાં ૩૦૦થી વધુ પરપ્રાંતિય શ્રમિકોને દોઢ માસ સુધી ભોજન સેવા પુરી પાડતા હતા અને ૪૦૦ જેટલાં શ્રમિકોને યુપી-બિહારમાં વતન મોકલવાની વ્યવસ્થા કરી હતી. આ લાભુભાઈ મિત્રોમાં 'લાભુ ગોવના' તરીકે પ્રસિધ્ધ છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. અનિતાબેન રતનસિંહ વાઘેલા, ઉ.વ. ૩૨, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. ભૂપેન્દ્ર શ્યામલાલ પરીખ, ઉ.વ. ૮૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન બળદેવજી ઠાકોર, ઉ.વ. ૬૦, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. કેતુલભાઈ લલ્લુભાઈ દેસાઈ, ઉ.વ. ૨૭, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ભીખાજી જોઈતાજી, ઉ.વ. ૬૮, વ્યાસપાલડી, તા. માણસા
- સ્વ. જલાબેન વેરસીભાઈ દેસાઈ, ઉ.વ. ૭૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. હીરાબેન મોતીભાઈ રાઠોડ, ઉ.વ. ૮૧, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. નાયી રવિતાબેન વિષ્ણુભાઈ, ઉ.વ. ૬૨, ગુલાબપુરા, તા. માણસા
- સ્વ. જાની વસંતીબેન કૃષ્ણકાન્ત, ઉ.વ. ૭૮, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. બારોટ મહેશભાઈ પ્રભુલાલ, ઉ.વ. ૬૭, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ધનલક્ષ્મીબેન દશરથલાલ સોની, ઉ.વ. ૮૫, સેકટર-૨, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. નેહા વિનસભાઈ પટેલ, ઉ.વ. ૨૫, રાંદેસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચૌધરી મેનાબેન હરિસીંગભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૬, ગાંધીનગર